ક્રમાંક:પ/માધ્ય/અનામત-૧/૨૦૧૯/ ૨૧૫૮૦ - 517

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા. ૨૯ / ૦૭ / ૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય:- આર્થિક રીતે નબળા વર્ગો માટે સીધી ભરતીમાં ૧૦% અનામત અંગેના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ અન્વયે કાર્યવાહી કરવા બાબત

સંદર્ભ:- (૧) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: પવસ-૧૦૨૦૧૯-૨૨૩-ગ.૪ તા.૨૫/૦૬/૧૯

(૨) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૧૯-૧૫૮-૨ તા.૨૪/૦૭/૧૯

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે સંદર્ભ-૧માં જણાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૦૬/૧૯ના ઠરાવથી જિલ્લા કક્ષાએ સીધી ભરતીથી ભરવાની થતી વર્ગ-૩ની જગ્યાઓ તથા જિલ્લા કક્ષાએ સીધી ભરતીથી ભરવાની થતી વર્ગ-૪ની જગ્યાઓ માટે આર્થિક રીતે નબળા વર્ગો માટે ૧૦% અનામતની જોગવાઈ અન્વયે નમૂનારૂપ નવા રોસ્ટર ક્રમાંકો નિયત કરવામાં આવેલ છે. વધુમાં આ રોસ્ટર ક્રમાંકોના આધારે હાલના રોસ્ટર રજીસ્ટરના સ્થાને તા.૧૪/૦૧/૧૯ની સ્થિતિએ તે જ રજીસ્ટરમાં નવા રોસ્ટર રજીસ્ટર તૈયાર કરવાના રહેશે અને પ્રમાણિત કરાવવાના રહેશે.

આગામી ઓગષ્ટ-૨૦૧૯ માં શિક્ષણ વિભાગ કક્ષાએથી રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવાની કાર્યવાહી હાથ ધરાનાર હોવાથી ઉપરોક્ત જોગવાઈઓને ધ્યાને લઈ રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને કર્મચારીઓના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગવાર અલગ અલગ રોસ્ટર રજીસ્ટરો તા.૧૪/૦૧/૧૯ની સ્થિતિએ તૈયાર કરી જિલ્લા કક્ષાએ પ્રમાણિત કરવાની કાર્યવાહી દિન-૦૭ માં પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

હાલ તુરત તા.૧૬/૦૮/૧૯ની સ્થિતિએ ઉપરોક્ત ઠરાવની જોગવાઈઓ અન્વયે નવા રોસ્ટર પોઈન્ટ ધ્યાને રાખી રાજ્યની સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ખાલી પડનાર જગ્યાઓની વિષયવાર/કેટેગરીવાર અંદાજીત વિગતો પણ તૈયાર કરવા જણાવવામાં આવે છે.

ઉપરોક્ત કાર્યવાહીને ટોચ અગ્રતા આપવા જણાવવામાં આવે છે.

(એચ.એન.ચાવડા)
સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક

બિડાણ: ઉપર મુજબ.

નકલ રવાના: જાણ તથા જરૂરી કાર્યવાહી સારું

- સંયુક્ત શિક્ષણ નિયામક (મહેકમ)
- સંયુક્ત શિક્ષણ નિયામક (૧૦+૨)
- સંયુક્ત નિયામક (હિસાબ)